ગાંધીનગર સમાચાર

# પીડીપીયુમાં સ્પોર્ટ્સ્ ફેસ્ટ યોજાયો







ગાંધીનગર, ૧૫
પીડીપીયુના વાર્ષિક સ્પોર્ટ્સ ફેસ્ટ- પેટ્રોકઅપના ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ભારતીય ક્રિકેટ ટીમ ના શ્રેષ્ઠ ક્રિકેટર શ્રી મુનાફ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પેટ્રોકપ એ પશ્ચિમ ઝોન, ભારતનો સૌથી મોટો સ્પોર્ટ્સ ફેસ્ટ છે જે દર પસાર થતા વર્ષે ખ્યાતિ અને કીર્તિમાં સતત વધતો જાય છે. પેટ્રોકઅપની ૧૨ મી આવૃત્તિની શરૂઆત ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ કરવામાં આવી હતી, જેનો ઉદઘાટન સમારોહ હતો, જેમાં પ્રખ્યાત ક્રિકેટર શ્રી મુનાફ પટેલની સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના પ્રતિનિધિઓ પણ આ સમારોહમાં હાજર હતા.

આ સમારોહનો પ્રારંભ સાંજે ૪ કલાકે મુખ્ય મહેમાનના આગમન સાથે પ્રારંભ થયો હતો. આ ઘટના પછી એક આકર્ષક યોગ પ્રદર્શન કરવામાં આવ્યો હતી. યોગા પ્રદર્શન પછી, ખેલાડીઓએ એક ફાઈલમાં ટોર્ચ રન પૂર્ણ કર્યો હતો જેમાં સ્પોર્ટ્સ કમિટીના ટુકડીથી માંડીને મહિલા કપ્તાન ટુકડી સહિતના અનેક ટુકડીઓ હતા.

સમારોહ સ્પોર્ટ્સ કમિટી પી.પી.પી.યુ.ના જનરલ સેક્રેટરી- શ્રી દર્શિત શેરઠીયા, સ્ટુડેંટ્સ અફેર્સના ડીન ડો.તર્જિંદર પાલ સિંહ અને મુખ્ય અતિથિ- શ્રી મુનાફ પટેલના ભાષણો સાથે આગળ વધ્યો હતો. ભાષણો પછી, પેટ્રોકઅપ ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું, જે ક્ષણની ત્યાં ઉપસ્થિત બધાને અપેક્ષા હતી અને ટ્રોફી બધા દ્વારા બિરદાવવામાં આવી હતી.

પેટ્રોકપના પ્રથમ દિવસની શરૂઆત ઉત્સાહ સાથે થઈ હતી. પ્રથમ મેચ રમી હતી તે મહિલાની બાસ્કેટબોલ મેચ હતી જે પીડીપીયુ અને ડી.એ.આઈ.આઈ.સી.ટી વચ્ચે રમાઈ હતી, જ્યાં પીડીપીયુ ટીમ ૨૭-૧૨ના સ્કોરથી વિજેતા બની હતી. આગળ, પીડીપીયુ અને એનઆઈડી વચ્ચે મેન્સ ક્રિકેટ મેચ રમાઈ હતી, જ્યાં પીડીપીયુએ કુલ ૧૦૭ રનથી રમત જીતી લીધી. પ્રથમ દિવસે બીજી ઘણી મેચ રમાઈ હતી, જેમાં પ્રત્યેક ટીમે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા.

## ડાયરેક્ટ સે

જિંદગીમાં સૌથી વધુ ખુશી એ કામ કરતી વખતે થાય છે, જેના માટે લોકો કહેતા હતા...
"આ કામ તું નહીં કરી શકે..."

## જન્મદિને વધામણી



કૈરવ દેસાઈ



યશ્વી પટેલ



અમૃતા કર્ણવ દવે



બેંકર ધર્મ કલમેશ
મો. ૮૮૪૮૪ ૧૦૧૦૯

# સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ



સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૫.૦૨.૨૦૨૦ ના રોજ એમક્યોર ફાર્માસ્યુટિકલ લી. ખાતે મુલાકાત યોજાઈ હતી. ફાર્મસીમાં થીયરી નોલેજની સાથે પ્રેક્ટિકલ નોલેજની પણ એટલીજ જરૂર છે અને આવી કંપનીની મુલાકાતથી વિધ્યાર્થીઓને થીયરીના નોલેજને કેવી રીતે વ્યવસાયિક જીવનમાં કેવી રીતે ઢાળી શકાય તેની માહિતી મળે છે. કુલ ૭૬ વિધ્યાર્થીઓએ આ મૂલકતમાં ભાગ લીધો હતો. વિધાર્થીઓને એમક્યોર કંપનીના સ્ટાફ દ્વારા દરેક વસ્તુની ઝીણવટ પૂરકની માહિતી આપવામાં આવી હતી. ફાર્મા કંપનીના વિવિધ ડિપાર્ટમેંટ જેવા કે વેર-હાઉસ, એફ & ડી., એ.ડી.એલ, પેકેઝિંગ, મેન્યુફેક્ચરિંગ અને ક્વોલિટી કંટ્રોલ વગેરે વિશેની માહિતી વિધ્યાર્થીઓએ મેળવી હતી.

# એસ.વી. અને એસ.જી. પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ



ગાંધીનગર, ૧૫
સર્વ વિધ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી.અને એસ.વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં નવ રસ વિષય પર ૨૩ મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ગાંધીનગરના ડી.ઈ.ઓ ભરતભાઈ વાઘેર, મેયર રીટા બેન, ,મહિલા મોરચાના પ્રમુખ પલ્લવીબેન પરીખ, સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન દેવેન્દ્સિંહ તેમજ શાળાના કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ હતા . વિધ્યાર્થીઓએ આ વિષય પર વિવિધ ડાન્સ ,નવ રસ વિષય પર નાટક રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળામાં શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રે પ્રથમ આવનાર વિધ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ વર્ષ દરમિયાન શાળામાં ૧૦૦ ટકા વિધ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનીત કર્યા હતા. આમંત્રિત મહેમાનો તેમજ શાળાના સમગ્ર સ્ટાફના સહિયારા પ્રયાસથી આ વાર્ષિકોત્સવ સફળ રહ્યો હતો.

# ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગરના સહયોગ તથા નૃત્યમ નર્તન અકાદમી દ્વારા નૃત્ય નાટિકા સૈરન્ધ્રી રજૂ થશે

ગાંધીનગર, ૧૫
ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન સંયુક્ત રીતે સમગ્ર ભારતમાં કલ્ચરલ આઉટરીચ પ્રોગ્રામ શ્રેણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો રજુ કરે છે. આ જ શ્રેણી અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગર ના સહયોગ થી અને નૃત્યમ નર્તન અકાદમી દ્વારા પ્રસ્તુત નૃત્ય નાટિકા સૈરન્ધ્રી રજુ કરવામાં આવશે. પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન દ્રૌપદી કે જે સૈરન્ધ્રી તરીકે છુપા વેશે રહ્યા હતા. તે દરમિયાન પોતે એક રાણી હોવા છતાં વિરાટ રાજાની રાણી સુદેસણા ની દાસી સૈરન્ધ્રી તરીકે માનસિક મનોવ્યથા અને લાગણી અનુભવે છે. આ ઐતિહાસિક ઘટના નું સુંદર નૃત્યાંકન સુરત ના ખુબ જ જાણીતા નૃત્યમ નર્તન એકેડેમીના નિયામક શ્રીમતી ઉર્જીતા કિનારીવાલા દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

આ પ્રોગ્રામ માં મુખ્ય મહેમાન તરીકે કવિ શ્રી ડૉ. વિનોદ જોશી ઉપસ્થિત રહેશે . જમણે આ સુંદર પ્રબંધ કાવ્યની રચના કરી છે. આ સમગ્ર નૃત્યનાટિકા નું સ્વરાંકન શ્રી દર્શન ઝવેરી એ કર્યુ છે. તેમજ સ્વર શ્રી દ્રવિતા ચોકસી ઓબરોય દ્વારા આપવામાં આવ્યો છે. તેનુ પાર્શ્વસંગીત શ્રી વૈભવ મુકેશ દેસાઈ એ આપેલું છે.

આ સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન ભારતીય વિદ્યાભવન આર્ટ એન્ડ કલ્ચર ના નિયામક શ્રી જીગર રાણા ધ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમ તારીખ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૦, સમય સાંજે ૭.૦૦ કલાકે ભવન્સ જે.એ. હોલમાં યોજવામાં આવશે. જે આમંત્રિતો માટે નિઃશુલ્ક યોજાશે.

# કલા મહાકુંભ-૨૦૨૦ કાવ્ય લેખમાં શિક્ષક ધર્મેશ ગજ્જર પ્રથમ



ગાંધીનગર, તા. ૧૫
ગુજરાત સરકારના રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત 'કલા મહાકુંભ-૨૦૨૦' જિલ્લા કક્ષા સ્પર્ધામાં ૨૧ થી ૫૯ વર્ષની વયજૂથમાં કાવ્યલેખનમાં શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરએ જિલ્લા લેવલે પ્રથમ સ્થાન આવ્યું હતું.

ગાંધીનગરના ધર્મેશ ગજ્જર જિલ્લાના દહેગામ તાલુકાની રામાજીના છાપરા પ્રા. શાળામાં શિક્ષક દંપતીમાં નોકરી કરે છે. તાજેતરમાં ધર્મેશ ગજ્જરને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પણ 'પ્રતિભાશાળી શિક્ષક'નો એવોર્ડ મળ્યો હતો.

ધર્મેશ ગજ્જરને પ્રત્યક્ષ કે પરોક્ષ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાયત્રીબેન જોશી, બી.આર.સી. કો. મહેશભાઈ મકવાણા, સી.આર.સી.કો. વિપુલભાઈ અમીન, આચાર્યા અલકાબેન પટેલ, શિક્ષિકા ધર્મપત્ની ગીતાબેન ગજ્જર, સ્ટાફ તથા ગ્રામજનો, સમાજના અગ્રણીઓ, પરિવારજનો એ સહકાર, માર્ગદર્શન આપી કારકિર્દી ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ઉચ્ચ, સાંસ્કારી, પ્રભાવશાળી વારસો ધરાવતા શિક્ષકના માતૃશ્રી 'સુમિત્રાબેન ગજ્જર'ને ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીમાં શ્રેષ્ઠ તેડાગર રહેલનો 'માતા યશોદા' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પુત્ર 'મીત ગજ્જર' પણ નગર, તાલુકા, જિલ્લા, રાજય તથા નેશનલ લેવલે વિવિધ એવોર્ડસ મેળવેલ છે. 'મેન્ટલ એરેથમેટીક' માં ખુબ જ માસ્ટરી ધરાવે છે.

# કમ્પ્યુટર સાયન્સમાં IRISS અને ACM-W ઈવેન્ટ્સે યુવાનોને પ્રેરિત કર્યા

### આઈઆઈટી ગાંધીનગરે ACM-W ઈન્ડિયા દ્વારા કમ્પ્યુટિંગમાં મહિલાઓને વધાવવા અને પ્રોત્સાહિત કરવા માટે 'કમ્પ્યુટર વિજ્ઞાન અને સંશોધનમાં મહિલાઓ' વિષય પર એક વર્કશોપ પણ યોજ્યો





ગાંધીનગર, ૧૫
ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)માં કમ્પ્યુટર સાયન્સના ૧૪મા ઈન્ટર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ સ્ટુડન્ટ સેમિનાર (ઈંજીજી ૨૦૨૦)નું આજે સમાપન થયું. આ બે દિવસીય કાર્યક્રમનું ઉદ્ઘાટન ગઈકાલે આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર પ્રો સુધિર જૈન; આઈઆઈટી ગાંધીનગરમાં સંશોધન અને વિકાસના ડીન પ્રો અમિત પ્રશાંત; આઈ.આર.આઈ. એસ.એસ. સ્ટીયરિંગ કમિટીના અધ્યક્ષ અને આઈ. આઈ. એસ. સી. બેંગ્લોરના પ્રો જયંત હરિસ્તા; આઈ.આર. આઈ.એસ.એસ. પ્રોગ્રામ કમિટીના અધ્યક્ષ અને આઈઆઈટી ગાંધીનગરના પ્રો નીલધારા મિશ્રા અને આઈઆઈટી ગાંધીનગરમાં કમ્પ્યુટર શાખાના સંયોજક પ્રો અનિરબન દાસગુપ્તાની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બોલતા અને મુલાકાત લેનારા સહભાગીઓને આઈઆઈટી ગાંધીનગરના મૂળ મૂલ્યોનો પરિચય આપતા પ્રો સુધિર કે જૈને કહ્યું, "જો આપણે માનવ સંસ્કૃતિનો વિકાસ જોઈશું તો દરેક નવી પેઢી તેમની પાછલી પેઢી કરતાં કંઈક સારું કર્યું છે.

તેવી જ રીતે, જ્યારે હું આઈઆઈટી ગાંધીનગરમાં ૨૦૦૯માં જોડાયો ત્યારે, મારું દ્રઢપણે માનવું હતું કે આપણે બીજી પેઢીની આઈઆઈટી તરીકે કંઈક એવું કરવું જોઈએ જે પ્રથમ પેઢીની આઈઆઈટી કરતા શ્રેષ્ઠ હોય અને પ્રથમ પેઢીના આઈઆઈટીને ગૌરવ અપાવે. અમે પોતાના માટે ત્રણ મુખ્ય વિચારો સુયોજિત કર્યા છે જેના પર અમે ૨૧મી સદીના ભારત માટે નાલંદા અથવા તક્ષશિલા બનાવીશું, જેના પર ભારતીયોને ગર્વ થશે. પ્રથમ વિચાર એ છે કે આપણે જે કંઈ પણ કરીએ છીએ તેમાં 'વિદ્યાર્થીઓ પ્રથમ' હોય, તેમજ તેમને સશક્ત બનાવે અને અમારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો કેળવે. આ વર્ષે, અમે 'ફ્યુચર ફેકલ્ટી પ્રોગ્રામ' પણ શરૂ કર્યો છે, જે અંતર્ગત, અમે અમારા પીએચડી વિદ્યાર્થીઓને, માનસિકતા અને કુશળતા બંનેમાં, ઉચ્ચ ઉત્તમ અધ્યાપક સભ્યો બનવા માટે તૈયાર કરીશું. અમારો બીજો વિચાર છે કે, અમે લાયકાત માટેના સંશોધનને બદલે 'અસર માટે સંશોધન' પર ધ્યાન કેન્દ્રિત કરવા માગીશું.

અમારા કાર્યથી વિશ્વ કેવી રીતે વધુ સારી જગ્યા બની શકે છે. અમે સામાજિક પ્રશ્નો ઉપર કામ કરવા માંગીએ છીએ, અમે આંતરશાખાકીય વાતાવરણમાં કામ કરવા માંગીએ છીએ. અને ત્રીજો વિચાર જે અમે પોતાને માટે વ્યાખ્યાયિત કર્યો છે તે છે 'સામાજીક ચિંતા'. અમને લાગે છે કે આપણા દેશમાં સૌથી ગરીબ લોકો માટે, આપણા દેશ માટે આપણે જવાબદાર છીએ તેવું અમારા વિદ્યાર્થીઓમાં અને પોતાનામાં માનસિકતા બનાવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે બાંધકામ કામદારો, તેમના બાળકો, મેસ કામદારો અને આવા અન્ય સપોર્ટ સ્ટાફ અને તેમના પરિવારના સભ્યોને સશકિતકરણ આપવા માટે અસંખ્ય પ્રોગ્રામ અને પહેલ બનાવી છે.

'પ્રો.જૈને આઈઆઈટી ગાંધીનગરના આઈકોનિક અને સર્વસમાવેશી કેમ્પસની રચના અને નિર્માણ પાછળની વિચારસરણીનું પણ વર્ણન કર્યું.

આ અગાઉ આઈઆઈટી ગાંધીનગરના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ડીન પ્રો અમિત પ્રશાંતે ભાગ લેનારાઓને તેમના રસના ક્ષેત્રમાં પ્રભાવ બનાવવા અને સેમિનારમાંથી મહત્તમ જ્ઞાન મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. આઈઆઈએસસી બેંગ્લોરના કમ્પ્યુટર સાયન્સ એન્ડ ઓટોમેશનના પ્રોફેસર અને આઈઆરઆઈએસએસ સ્ટીઅરિંગ કમિટીનાં ચેર પ્રોફેસર જયંત હરિસ્તાએ ભાગ લેનારને આઈઆરઆઈએસએસ અને પ્રોગ્રામનાં બંધારણ વિશેની સંક્ષિપ્ત પૃષ્ઠભૂમિ આપી.

આઈઆરઆઈએસ પ્રોગ્રામ કમિટી ચેર અને આઈઆઈટી ગાંધીનગરના કમ્પ્યુટર સાયન્સ શાખાના પ્રોફેસર નીલધારા મિસ્રા જે આ કાર્યક્રમના આયોજકોમાંના એક છે તેમણે આઈઆરઆઈ એસએસની ૧૪ મી આવૃત્તિમાં દર્શાવેલા વિવિધ વ્યાખ્યાનો અને પ્રસ્તુતિઓની સંક્ષિપ્ત રૂપરેખા પૂરી પાડી હતી. અંતે, આઈઆઈટી ગાંધીનગરના કમ્પ્યુટર સાયન્સ શાખાના સંયોજક પ્રો અનિરબન દાસગુપ્તાએ આઈઆઈટી ગાંધીનગરમાં કમ્પ્યુટર સાયન્સ શાખામાં ઉપલબ્ધ વિવિધ પ્રવૃત્તિઓ અને તકો વિશે થોડી માહિતી પૂરી પાડી.